# આરતી

જય આદ્યશક્તિ મા જય આદ્યશક્તિ
અખંડ બ્રહ્માંડ દિપાવ્યાં પડવે પ્રગટયાં મા
ૐ જયો જયા મા જગદંબે.......

દ્વિતિયા બે સ્વરૂપ શિવ શક્તિ જાણું
બ્રહ્મા ગણપતિ ગાયે હર ગાયે હર મા
ૐ જયો જયા મા જગદંબે.......

તૃતીયા ત્રણ સ્વરૂપ ત્રિભુવન માં બેઠાં
દયા થકી તરવેણી તું તરવેણી મા
ૐ જયો જયા મા જગદંબે.......

ચોથે ચતુરા મહાલક્ષ્મી મા સચરાચર વ્યાપ્યાં
ચારભુજા ચૌદિશા પ્રગટયાં દક્ષિણ માં
ૐ જયો જયા મા જગદંબે.......

પંચમી પંચ ઋષિ પંચમી ગુણ પદ્મા
પંચતત્વ ત્યાં સોહીએ પંચે તત્વો માં
ૐ જયો જયા મા જગદંબે.......

ષષ્ઠી તું નારાયણી મહિષાસુર માર્યો
નરનારી ના રૂપે વ્યાપ્યાં સઘળે મા
ૐ જયો જયા મા જગદંબે.......

સપ્તમી સપ્ત પાતાળ સંધ્યા સાવિત્રી
ગૌ ગંગા ગાયત્રી ગૌરી ગીતા મા
ૐ જયો જયા મા જગદંબે.......
અષ્ટમી અષ્ટ ભુજા આઈ આનંદ મા
સુરનર મુનિવર જનમ્યા દેવ દૈત્યો મા
ૐ જયો જયા મા જગદંબે.......

નવમી  નવ કુળ નાગ સેવે નવદુર્ગા
નવરાત્રિનાં પૂંજન શિવરાત્રિનાં અર્ચન કીધાં હર બ્રહ્મા
ૐ જયો જયા મા જગદંબે.......

દશમી  દશ અવતાર જય વિજ્યાદશમી
રામે  રામ રમાડયા  રાવણ રોળ્યો મા
ૐ જયો જયા મા જગદંબે.......

એકાદશી અગિયારસ કાત્યાયનીકા મા
કામદુર્ગા કાલિકા  શ્યામા  ને  રામા
ૐ જયો જયા મા જગદંબે.......

બારસે બાળારૂપ બહુચરી અંબા મા
બટુકભૈરવ સોહીએ  કાળભૈરવ સોહીએ તારાછે તુજ મા
ૐ જયો જયા મા જગદંબે.......

તેરસે તુળજા રૂપ તું તારિણી માતા
બ્રહ્મા વિષ્ણુ સદાશિવ ગુણ તારા ગાતા
ૐ જયો જયા મા જગદંબે.......

ચૌદશે  ચૌદારૂપ ચંડી ચામુંડા
ભાવભક્તિ કાંઈઆપો ચતુરાઈ કાંઈઆપો સિંહવાહિની માતા
ૐ જયો જયા મા જગદંબે.......

પુનમે કુંભ ભર્યો  સાંભળજો કરૂણા
વશિષ્ઠદેવે  વખાણ્યા  માર્કન્ડદેવે  વખાણ્યા ગાઈ શુભ કવિતા
ૐ જયો જયા મા જગદંબે.......

સંવત સોળ સતાવન સોળસો  બાવીસમાં
સંવત સોળે પ્રગટયાં રેવા ને તીરે હરગંગા ને તીરે
ૐ જયો જયા મા જગદંબે.......

ત્ર્યંબાવટી  નગરી આઈ રૂપાવતી નગરી મા મંછાવતી નગરી
સોળ સહસ્ત્ર ત્યાં સોહીએ ક્ષમાકરો ગૌરી મા દયા કરો ગૌરી
ૐ જયો જયા મા જગદંબે.......

એવે એક સ્વરૂપ અંતર નવ ધરશો
ભોળા ભવાની ને ભજતાં ભોળા અંબેમા ને ભજતાં ભવસાગર તરશો
ૐ જયો જયા મા જગદંબે.......

ભાવ ન જાણું ભક્તિ ન જાણું નવ જાણું સેવા
અનેક જનો ને તાર્યા  અમને તારજો મા
ૐ જયો જયા મા જગદંબે.......

શિવશક્તિ ની આરતી જે કોઈ ગાશે
ભણે શિવાનંદ સ્વામિ સુખસંપત્તિ થાશે  હરકૈલાસે જાશે
ૐ જયો જયા મા જગદંબે.......

# વિશ્વંભરી સ્તુતિ

વિશ્વંભરી અખીલ વિશ્વતણી જનેતા
વિધ્યાધરી વદનમાં વસજો વિધાતા
કુબુધ્ધિ ને દૂરકરી સત્‌બુધ્ધિ આપો
મામપાહી ૐ ભગવતી ભવદુઃખ કાપો .......................

ભૂલો પડી ભવરણે ભટકુ ભવાની
સૂઝે નહિ લગીર કોઇ દિશા જવાની
ભાસે ભયંકર વળી મનમાં ઉતાપો
મામપાહી ૐ ભગવતી ભવદુઃખ કાપો .......................

આ રંક ને ઉતરવા નથી કોઇ આરો
જન્માંધ છું જનની હું ગ્રહી બાળ તારો
ના શું સુણો ભગવતી શિશુ ના વિલાપો
મામપાહી ૐ ભગવતી ભવદુઃખ કાપો .......................

મા કર્મજન્ય કથની કરતાં વિચારું
આ સૃષ્ટિ માં તુજ વિના નથી કોઈ મારું
કોને કહું કઠણ યોગ તણો બળાપો
મામપાહી ૐ ભગવતી ભવદુઃખ કાપો .......................

હું કામ ક્રોધ મદ મોહ થકી છકેલો
આડંબરે અતિ ઘંણો મદ થી બકેલો
દોષો થકી દુષિતના કરી માફ પાપો
મામપાહી ૐ ભગવતી ભવદુઃખ કાપો .......................

ના મંત્ર ના શ્રવણનું પયપાન કીધું
ના મંત્ર કે સ્તુતિકથા નથી કાંઇ કીધું
શ્રધ્ધા થકી નથી કર્યાં તવ નામ જાપો
મામપાહી ૐ ભગવતી ભવદુઃખ કાપો .......................

રે રે ભવાની બહુભૂલ થઈ જ મારી
આ જીંદગી થઇ મને અતીશે અકારી
દ્વોષો પ્રજાળી સઘળા તવ છાપ છાપો
મામપાહી ૐ ભગવતી ભવદુઃખ કાપો .......................

ખાલી ન કોઇ સ્થળ છે વિણ આપ ધારો
બ્રહ્માંડ માં અણું અણું મહી વાસ તારો
શક્તિ ન માપ ગણવા અગણિત માપો
મામપાહી ૐ ભગવતી ભવદુઃખ કાપો .......................

પાપી પ્રપંચ કરવા બધી વાતે પૂરો
ખોટો ખરો ભગવતી પણ હું તમારો
જાડયાંધકાર દૂર કરી સત્બુધ્ધિ આપો
મામપાહી ૐ ભગવતી ભવદુઃખ કાપો .......................

શ્રી સત્ગુરુ શરણ માં રહી ને યજું છું
હું રાત્રિદિન ભગવતી તુજ ને ભજું છું
સદ્ભક્ત સેવક તણા પરિતાપ ચાંપો
મામપાહી ૐ ભગવતી ભવદુઃખ કાપો .......................

શીખે સુણે રસિક છંદ જ એક ચિત્તે
તેના થકી ત્રિવિધ તાપ ટળે ખચીતે
વાધે વિશેષ વળી અંબા તણા પ્રતાપો
મામપાહી ૐ ભગવતી ભવદુઃખ કાપો .......................

અંતર વિષે અધિક ઊર્મિ થતાં ભવાની
ગાઉ સ્તુતિ તવ બળે નમી ને મૃડાણી
સંસારના સકળ રોગ સમૂળા કાપો
મામપાહી ૐ ભગવતી ભવદુઃખ કાપો .......................

દિપક પટેલ (બ્રામ્પટન, કેનેડા) ના સૌજન્યથી